ગાંધીનગર સમાચાર
તા. ૨-૮-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

સુવર્ણજયંતી વર્ષમાં પ્રવેશતું પાટનગર

ગુજરાતનું ગરવું પાટનગર આજે એના સુવર્ણજયંતી વર્ષમાં પ્રવશી રહ્યું છે, એ દૃષ્ટિએ આજનો દિવસ સાચે જ ઐતિહાસિક પ્રવેશી રહ્યું છે, વડનગર પાટણ અને જૂનાગઢ કે અમદાવાદ વડોદરા જેવાં ઐતિહાસિક પાટનગરોની પગંતમાં એ ચમકતાં મોતી જેવું લાગે છે એ દૃષ્ટિએ આજનો દિવસ સાચે જ ઐતિહાસિક ગણાવો જોઇએ. ગાંધીનગરની પહેલી ઈંટ જીઈબીના અતિથિગૃહની ઈમારત ખાતે મુકાઇ હશે ત્યારે ભાગ્યે જ કોઇએ કલ્પના કરી હશે કે એક દિવસ આ જ ગાંધીનગરમાં પૂરું એક તપ વિતાવનાર ગુજરાતના મુખ્યમંત્રી પાટનગરની સુવર્ણજંયતીના વર્ષની શરૂઆતમાં દેશનું સુકાન સંભાળશે અને સુવર્ણજયંતી વર્ષનું સ્વાતંત્ર્ય પર્વ લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવીને ઊજવશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ સાથે સંકળી પાટનગરને 'ગાંધીનગર'નામ અપાયું તે પૂર્વે આ જ નામના વિસ્તારો દિલ્હી સહિતનાં દેશનાં અન્ય શહેરોમાં અસ્તિત્વ ધરાવતા હતા. કચ્છના આદિપુર પાસે આખેઆખું નવું શહેર વસાવાયેલું, જેમાં વિભાજન પછી સિંધમાંથી આવેલા નિરાશ્રીતોને વસાવાયા હતા. ગાંધીધામ નામનું આ શહેર કચ્છની આર્થિક રાજધાની બની ચૂકી છે. ગાંધીનગરનું નિર્માણ તત્કાલીન મહેસાણા જિલ્લાનાં કેટલાંક ગામોની જમીન સંપાદિત કરીને કરાયું હતું. જે ગામોનું બલિદાન લેવાયું છે તે ઇન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ચરેડી, કોલવડા અને વાવોલ જેવાં ગામોના મૂળ નિવાસીઓની અનેક ફરિયાદો હજી સુધી ઉકેલાઇ નથી. જેમની આજીવિકા જ ખેતી ઉપર નિર્ભર હતી એવા નાના ખેડૂતોના પરિવારોની દુર્દશા પથ્થરદિલને પણ પિગળાવી દે એવી છે. ગાંધીનગર વસ્યું છે એ ખેતરોના મૂળ માલિકો સાબરમતીનાં કોતરોમાં દારૂની ભટ્ટીઓ ચલાવીને પેટિયું રળવા મજબૂર બન્યાં છે. બીજી તરફ જેમને આ માટી સાથે સ્નાન સૂતકનો સંબંધ નહોતો એવા સાહેબ લોકો અને રીઢા તથા મીંઢા રાજકારણીઓ માટે આ નગર પૃથ્વી ઉપરનું સ્વર્ગ બની ગયુ છે. સુવર્ણજયંતી વર્ષારંભે ગાંધીનગરને એની તમામ વ્યથાઓનો ઉકેલ સાંપડે અને છેલ્લા ત્રણેય દાયકાથી ચાલી રહેલી સંસ્કાર પ્રવૃત્તિઓના નામ પર પ્રાપ્ત થયેલી મૂઠી ઊંચેરી ઓળખ વધુ ઊજળી બની રહે એવી શુભેચ્છા પાઠવીએ. ગાંધીનગર ફક્ત રાજકીય કાવાદાવાથી ખદબદતું પાટનગર ન રહેતા. શિક્ષણ, સાહિત્ય અને વિવિધ કલા-સંસ્કાર પ્રવૃત્તિઓથી ધમધમતી સંસ્કારનગરી તરીકે ઓળખાવા લાગ્યું છે. અહીંની નવરાત્રી હવે આંતરરાષ્ટ્રીય ઓળખ ધરાવે છે તો વળી વંચિતો - શોષિતોનાં પગરખાંથી લઇ મૃતાત્માઓની સદ્‌ગતિ સુધીની ચિંતા કરનારી સેવાભાવી સંસ્થાઓ તથા એની હરિયાળી ને કારણે ગાંધીનગર ગુજરાતમાં સૌથી શ્રેષ્ઠ શેષ્ઠ, પ્રદૂષણ મુક્ત અને સદ્‌ભાવભર્યું રહેઠાણ નીવડ્યું છે. નરેન્દ્ર મોદીના શાસન કાળ દરમિયાન પાટનગરની શિકલ બદલાઇ ગઇ છે. મહાત્મા મંદિર, પુનિત વન પાર્ક વગેરે આ સમયગાળાની ઉપલબ્ધિઓ છે. ગ્લોબન સમિટ અને વાઇબ્રન્ટ ગુજરાતના નારાથી ગુજરાતીઓને અને ગાંધીનગરને વૈશ્વિક ઓળખ સાંપડી છે. ઈન્ફોસીટી અને ગિફ્ટસીટી જેવા વિશેષ ઉપક્રમો, કડી સર્વ વિશ્વવિદ્યાલય, મેડિકલ કૉલેજ, પેટ્રોલિયમ યુનિવર્સિટી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઉપરાંત ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટીટયુટ જેવી વિશ્વવિખ્યાત શિક્ષણ સંસ્થાઓને કારણે ગાંધીનગર દેશના એજ્યુકેશન હબ સ્વરૂપ કાઠું કાઢી રહ્યું છે. પચાસ વર્ષ અગાઉના એ ધૂળીયા રસ્તા, સાબરમતીનાં બીકાળવાં કોતર ધરાવતું નગર અર્ધ શતાબ્દીએ પહોંચતા સુધીમાં વિશ્વનાં હરિયાળા પાટનગરોની પંગતમાં બેસી ગયું છે. ચંડીગઢના પેટર્ન પર રચાયેલ ગરવી ગુજરાતનું આ ગરવું - નરવું પાટનગર કદાચ ભારતનું સૌથી સલામત, આરોગ્યપ્રદ, પ્રદૂષણ મુક્ત રહેવાલાયક નગર બની રહ્યું છે. અલબત્ત શૌચાલય જેવી કેટલીય પાયાની સુવિધાઓ પહોળા પેટ પથરાયેલા આ પાટનગરમાં ખૂટે છે. તે જ રીતે ચંડીગઢ જેવી બજારની પણ જરૂર છે. અહીંનું પ્રકૃતિ ઉદ્યાન, અક્ષરધામ અને મહાત્મા મંદિર એની મહત્તાનાં પ્રતીકો છે, તો અહીં વસતાં જીવતા જાગતાં - હરતાં ફરતાં તીર્થરૂપ મહામાનવો એવા પ્રાણ સમાન છે. પાટનગરના સુવર્ણજંયતી વર્ષે એવી વિભૂતીઓને યાદ ન કરીએ તો આપણે નગુણા જ ગણાઇએ. રાજદ્વારી ક્ષેત્રે પૂર્વ મુખ્યમંત્રીઓ સર્વશ્રી માધવસિંહ સોલંકી, કેશુભાઇ પટેલ, શંકરસિંહ વાઘેલા અને સુરેશ મહેતાએ ગાંધીનગરને જ એમનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું છે તો વળી સાહિત્યક્ષેત્રે મોહંમદ માંકડ જેવી દંતકથા આ જ નગરની શોભા છે. નગરને પણ જન્મતાવેંત એનું આગવું ભવિષ્ય લલાટે લખાયું હોય છે. ગાંધીનગરના હૃદય સમા ઘ-૫ સર્કલ પર ઊભેલા પૂ. રવિશંકર મહારાજના આદર્શો પર આગળ વધશે તો કવચિત ગાંધી વિહોણું ગણાતું રહેતું ગાંધીનગર વિશ્વના નકશામાં અજરામર કીર્તિ પ્રાપ્ત કરશે એમાં શંકાને સ્થાન નથી. ગાંધીનગર બહાર પણ એક નવું ગાંધીનગર સાકાર થઇ ચૂક્યું છે. એ દિવસ દૂર નથી જ્યારે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું અંતર ગગનચુંબી ઈમારતોની હારમાળાથી પુરાઇ જશે. પરંતુ ફક્ત ભૌતિક પ્રગતિ એ વિકાસની પારાશીશી ન ગણાવી જોઇએ. ગાંધીનગરને વિદ્યાનગરી, પુષ્પનગરી, અને વૃક્ષનગરી અને સંસ્કારનગરી તરીકે વિકસાવાનો સામૂહિક સંકલ્પ આજે એવી સુવર્ણજયંતીના શુભદિને લઇએ તો ગાંધીજી પર રાજી થશે અને પરમાત્માની મહેર પણ ઊતરશે.

સ્મરણયાત્રા

આજે ચોતરફ નામના પામેલ અને શ્રેષ્ઠ શહેરોની યાદીમાં નામ ધરાવતું ગાંધીનગર તેના સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. ઠેર ઠેર સાંસ્કૃતિક કાર્યક્રમો થઈ રહ્યા છે ત્યારે નગરમાં વસતા કેટલાક વડીલો અને નિવૃત્ત સરકારી અધિકારીઓ-કર્મચારીઓ તેમના સંસ્મરણો વાગોળી રહ્યા છે. સેકટર-૨૮માં રહેતા અને અધિક્ષક ઈજનેર તરીકે નિવૃત્ત થયેલા અનિલભાઈ અગ્રવાલે શહેરની પ્રથમ પાણીની ટાંકીના બાંધકામમાં યોગદાન આપ્યું હતું. શહેરની પ્રથમ પાણીની ટાંકી બની રહી હતી ત્યારે લેવાયેલી તસવીર તેમણે ગાંધીનગર સમાચારને મોકલી છે.

હરિની દૃષ્ટિ...

મિત્રો, તમારા બાળકો લુચ્ચા - લુફંગા, જુક્કા, તોડબાજ વિગેરે હોય તો ચિંતા ન કરશો, આપણાં આશ્રમમાં મૂકી દો, અમો સુધારી દઇશું... જો નહીં સુધરે તો તેને આશ્રમનાં ડેવલોપમેન્ટ કાર્યમાં લગાવીશું...!!

ગાંધીનગરનું ગૌરવ

સી.એમ. હાઈસ્કુલના ૩૭ વિદ્યાર્થીઓએ તબીબી ક્ષેત્રે પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા.૧

શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના ચાલુ સાલે માર્ચ ૨૦૧૪માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ જુદા જુદા અભ્યાસક્રમો પસંદ કરતા હોય છે. જેમાંથી આ શાળામાંથી ૩૭ વિદ્યાર્થીઓએ તબીબી લાઈન પસંદ કરેલ છે. અને તેઓએ એમ.બી.બી.એસ.માં પ્રવેશ મેળવેલ છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મેડીકલ પ્રવેશ મેળવી રહ્યા છે તે ગાંધીનગર માટે ગૌરવ સમાન છે.

કે. કે. પટેલ વિદ્યાલય ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

તા. ૨૬/૦૭/૨૦૧૪ શનિવારના રોજ શાળાના આચાર્યા શ્રીમતી ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ શાળા કક્ષાનો ઈનામ વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, સર્વોદય -થમિક વિદ્યામંદિર તથા કે.કે.પટેલ વિદ્યાલય ના દરેક ધોરણમાં -થમ નંબરે તથા એસ.એસ.સી. બોર્ડમાં શાળા કક્ષાએ -થમ તથા વિષયવાર -થમ ક્રમે રહેનાર વિદ્યાર્થીઓને -ોત્સાહન મળે તે માટે ઈનામ તથા -માણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા સાંસ્કૃતિક અને ઈતર -વૃત્તિઓમાં રાજય અને જીલ્લા કક્ષામાં -થમ રહેનારને ઈનામો આપી -ોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શાળાના ટ્રસ્ટીશ્રીઓ, કેળવણી મંડળના -મુખ/મત્રી તથા હોદેદારો અને કારોબારી સભ્યોએ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો . આચાર્યાશ્રીના સ્વાગત -વચનમાં દરેકે દરેક વિદ્યાર્થીઓમાં સુસુજ્ઞ શક્તિ રહેલ છે જે જગૃત થાયતો દરેક ઈનામની લાયકાત મેળવી શકે છે. દરેક બાળકે સખત પરિશ્રમ અને લગનની પાયાની જરૂરીયાત છે, શાળાની બાળાઓ દ્વારા -ર્થનાગીત, સ્વાતગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા, સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન. બી. પટેલ તથા સેજલબેન દરજી દ્વારા કરવામાં આવ્યુ હતું આભાર દર્શન શાળાના સુપરવાઈઝર શ્રી ચીનુભાઈઅ પટેલે કર્યુ હતું, સમગ્ર શાળા પરિવારે સખત પરિશ્રમ થી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

સે. ૭ ચૌધરી કોલેજમાં પ્રાથમિક સારવાર પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજ સેક્ટર-૭ ખાતે સેમેસ્ટર-૨ ની વિદ્યાર્થીનીઓને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા પ્રાથમિક સારવાર વિશેની તાલીમ આપવામાં આવી હતી.

જાગૃતિ કાર્યક્રમમાં ઉપસ્થિત ૬૪ વિદ્યાર્થીનીઓને જીજ્ઞેશભાઈ રાવલે પ્રાથમિક સારવાર એટલે શુ ? વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. તાત્કાલિક આવી પડેલી આફત સામે તેના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો. અને કેવી રીતે કરવો તેની પ્રેક્ટીકલ સાથે જ્ઞાન પિરસ્યુ હતુ.

કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોને વિદ્યાર્થીનીઓની ભાષામાં જવાબ આપવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રા. સોનલ મોદી, મેહુલભાઈ શાસ્ત્રી, હિરલ રાઠોડ, આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

અનેરૂં આ ગાંધીનગર છે!

પ્રસ્થાપન પાંસઠે, એ આ રૂડું નગર છે,
મા ગુર્જરીનું પ્યારૂં, એ સમ્મ પાટનગર છે.
સમણાં સમજાવે રૂડાં, એ સ્વપ્નનગર છે.
સૌનું દુલારૂં, અનેરૂં આ ગાંધીનગર છે!

અલ્પમાંથી બન્યું વિરાટકાયી, એ નગર છે.
ખાધી થપાટો વંટોળની હરપળ, એ સગડ છે.
ફૂલોની ફોરમ, લીલી વનરાજી હરડગર છે.
હવે રહ્યું નવ એ લેશ આંધીનગર છે!

સજ્યા જરૂખા આવાસે, અગાસીનગર છે.
મા ગુર્જરીનું છલકતું આ સાહિત્યનગર છે.
હરદમ ચૈતન્ય શિક્ષણે, આ વિદ્યાનગર છે.
જ્ઞાનપ્રકાશ પાથરતું, આ ગાંધીનગર છે!

સંસ્કાર, શાંતિ ને વિકાસનું આ નગર છે.
સમ-રસતા પારદર્શકતાથી અજરઅમર છે.
આશ્રયસ્થાન ગરીબોનું, દીનબેલીનગર છે.
ન્યારૂં ને નિરાળું, પનોતું ગાંધીનગર છે!

પ્રબુદ્ધ સેવાભાવી નાગરિકોને પેન્શનરો છે.
ઈન્દ્રોડા પાર્ક, બગીચા થકી બાળપ્યારૂં નગર છે.
આઈ.ટી. પ્રવૃત્તિનું એ ઈન્ફોસીટી નગર છે.
સૌથી હરિયાળું વિશ્વે, અનોખું ગાંધીનગર છે!

અન્યાય સામે સંઘર્ષનું કાન્તિનગર છે.
ભ્રષ્ટાચારભોરીંગ નાથે છે, એ નગર છે.
ના કોઈને નમતું, એ અણનમનગર છે.
મક્કમ મનોબળ પ્રજામાં એ આ નગર છે!

કાવાદાવા નિત્ય ખેલે, એ પાટનગર છે.
રાજકારણનું ધબકતું એ જિગર છે.
ઊંચે ચડાવીને પછાડે, એ આ નગર છે.
મરક મરક મલકે એ, આ ગાંધીનગર છે!

સ્થાનિક સ્વરાજય પામી, હરખાતું આ નગર છે.
મા ગુર્જરીની સુવર્ણજયંતિનો જેને હરખ ભરપૂર છે.
'બાપુ'ની યાદો ઉજાળે નિત્ય, એ આ નગર છે,
ને સાચવે સદીઓ સુધી દિલે, એ ગાંધીનગર છે!

ન કોઈનું વહાલું કે દવલું આ નગર છે,
સૌનું સહિયારૂં, પ્રાણપ્યારૂ નગર છે.
નમો શ્રીન.મો., આ પુણ્યશાળી કર્મમંદિર છે,
તમનો ફળ્યું છે રૂડું એ આ ગાંધીનગર છે!

સતેજ આભા ન બને નિસ્તેજ, એ પ્રભુને અરજ છે,
શુભેચ્છા અર્પે 'દધિ', તું ધબકતું રાજયહૃદય છે!

- મૂળજીભાઈ એ. પરમાર 'દધિ'

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશીત 'મેઘદૂતમ્' પુસ્તકનું વિમોચન કર્યું હતું. રાષ્ટ્રપતિ એવૉર્ડ વિજેતા ડૉ. ગૌતમ પટેલ સંપાદિત આ 'મેઘદૂતમમ્નું પાંચ ભાષામાં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશન કરવામાં આવ્યું છે. પુસ્તક વિમોચનના આ પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબહેન દવે તથા માનવ સંશાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હીની કાઉન્સીલ ફોર સાયન્ટિફિક એન્ડ ટેકનિકલ ટર્મિનોલોજીના અધ્યક્ષ શ્રી પ્રો. કેશરીલાલ વર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

હાઈકુ સંપૂટ

અભિનંદન
વર્ષ આ પચ્યાસમું
ગાધીનગર

જન્મદિન આ
છે ગાંધીનગરનો
ઉજવો સાથે

છે ધબકતું
કલાસંસ્થાઓ થકી
ગાંધીનગર

વસીએ અમે
હળીમળીને સદા
ગાંધીનગર

- જશ્વરલાલ દવે

ગાંધીનગરની સ્થાપનાનો અર્ધ-શતાબ્દિ મહોત્સવ

સ્મરણયાત્રા

લે. એસ. એ. વર્મા

ગાંધીનગરના પ્લાનીંગનો આરંભ ૧૯૬૫થી કરવામાં આવેલ. ૧૯૬૫થી ૧૯૫૭ ના સમય દરમિયાન ગાંધીનગરના માસ્ટર પ્લાનને

આખરી ઓપ આપવામાં આવેલ. તત્પશ્ચાત શહેરમાં બાંધકામ શ્રી ગણેશ મંડાયા અને હાલના GEB હસ્તકના કોલોનીના ગેસ્ટ હાઉસ (તત્કાલીન P.W.D ગેસ્ટ હાઉસ) નો પાલો ખોદાઇ ત્યાં શહેરના બાંધકામ ચણતરની પ્રથમ ઈંટ મૂકવામાં આવેલ.

ગાંધીનગર પાટનગર યોજનાના પ્લાનીંગ તેમજ કન્સ્ટ્રકશનમાં સંકળાયેલ પાટનગર યોજનાના આર્કીટેક્ટ અને એન્જીનીયરોની ઉચ્ચ કક્ષાની સાઇટ વિઝીટ સપ્તાહમાં દર મંગળવારે અને શુક્રવારે ગોઠવવામાં આવતી જેમાં ● મુખ્ય નગર નિયોજન શ્રી એચ. કે. મેવાડા, ● મુખ્ય ઈજનેરશ્રી એમ.ડી. પટેલ (તત્પશ્ચાત્ સચિવશ્રી P.W.D નો હોદ્દો સંભાળેલ) ● મુખ્ય ઈજનેરશ્રી આઈ.કે. મોદી (તત્પશ્ચાત્ સચિવશ્રી P.W.D નો હોદ્દો સંભાળેલ) ● આર્કીટેક્ટ શ્રી એસ.એ. વર્મા) જેઓએ તત્પશ્ચાત ચીફ આર્કીટેકટ એન્ડ ટાઉન પ્લાનરનો હોદ્દો સંભાળીને હાલમાં નિવૃત્ત થયેલ છે વિગેરોનો સમાવેશ થતો હતો. વહેલી સવારથી મોડી સાંજ સુધી સાઇટ ઉપરજ નિર્ણયો લેવામાં આવતા.

ગાંધીનગર શહેરની રચનાના પ્રથમ સાક્ષી બનેલ ઉપરોક્ત ગેસ્ટ હાઉસના મુખ્ય હોલમાં જ અગ્રગણ્ય મહાનુભાવોને લઇ જઇને તે વખતના ભવિષ્યમાં આકાર પામનાર ગાંધીનગર શહેરની રૂપરેખા, ખાસીયતો, સગવડો, માળખાકીય સુવિધાઓ અને સુંદરતાનો ચિતાર આપવામાં આવતો.

જેમાં ઉલ્લેખનીય અને નોંધપાત્ર ● શ્રી મોરારજીભાઇ દેસાઇ (ભૂ.પૂ. વડાપ્રધાનશ્રી) ● શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ (તત્કાલીન P.W.D મીનીસ્ટર) (ભૂ.પૂ. મુખ્યપ્રધાનશ્રી) ● શ્રી મણીબહેન પટેલ તેમજ ● ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ આર્કીટેક્ટ્સ મુંબઇના તત્કાલીન નેશનલ પ્રેસીડેન્ટ વિ. નો સમાવેશ થાય છે (શ્રી વર્મા તરફથી પ્રાપ્ત થયેલ કેટલીક તસ્વીરો સામેલ છે.)

હવે પાટનગરના બાંધકામની શરૂઆત થઇ ગઇ છે અને હવે થોડાક સમય પછી અમદાવાદની ઝાકઝમાળ અને શહેરી જીવન પદ્ધતિને છોડીને ગાંધીનગર રહેવા જવું પડશે તેવો અહેસાસ અને ખાત્રી થતાં કેટલાક કર્મચારીઓ /અધિકારીઓ ને અમદાવાદના પ્રભાવને ત્યજવો પડશે તેવા અજંપાનો સળવળાટ કેટલાક મનમાં પ્રવેશ કરવા માંડ્યો. આ કાલ્પનિક પરિસ્થિતિને પહોંચી વળવા અને ગાંધીનગર એક આદર્શ રહેવા લાયક શહેર બની રહેશે તેવી સમજ અને માહિતી આપવા માટે સચિવાલયના એકશન અધિકારીશ્રીઓ/ઉપસચિવ શ્રીઓ અને નાયબ સચિવશ્રીઓના વૃંદને બસ દ્વારા ઉપરોક્ત ગેસ્ટ હાઉસના હોલમાં સ્વાગત કરી સઘળા નકશાઓનું પ્રદર્શન ગોઠવી ગાંધીનગર શહેરની ખાસીયતોની માહિતી આપવામાં આવેલ. પ્રત્યેક સેક્ટરમાં સમાવિષ્ઠ માળખાકીય સગવડો જેવી કે શાળાઓ - કૉલેજો - કોમર્શિયેલ સેન્ટરો, દવાખાનાઓ પોલીસ સ્ટેશનો, બાગબગીચાઓ, મનોરંજનના સ્થળો જેમાં તે સમયે સે. ૨૮ નો ટોય ટ્રેન સહિતનો અને બોટીંગ માટેની સગવડો વાળો વોટર પુલ વાળો બગીચો અત્યંત લોકપ્રિય બનેલો. (જેણે અમદાવાદના ટુરીસ્ટોને ઘણું ઘેણું લગાડેલું) ઉપરાંત રંગમંચો, લગ્નવાડીઓ વિગેરેની સમાજ અને માહિતી સભર વિગતો શ્રી વર્મા દ્વારા સ્થળ પર ખૂબ ગહેરાઈથી આપવામાં આવેલ.

આ સઘળાં સાહિત્યના જાણકારી મેળવવા બાદ સઘળાં કર્મચારી/અધિકારીઓમાં વિચાર પરિવર્તન આવતાં એક પ્રકારનું અનેરૂ આકર્ષણ ઊભું થયેલું અને તાલાવેલી જાગેલી કે ક્યારે ગાંધીનગરમાં રહેવા જોઇએ. ક્રમશઃ ગાંધીનગરે હવે એવું સ્વરૂપ ધારણ કર્યું છે કે અહીં આવ્યા પછી અહીં આપનાર અહિંયા પ્રભાવથી એવા અંજાઇ જાય છે કે કદી ગાંધીનગર છોડવા માંગતા નથી. હવે ગાંધીનગર ટુરીસ્ટ સેન્ટર અને એજ્યુકેશન હબ બની ગયું છે. વર્ષાઋતુમાં સોળે કળાએ ખીલી ઊઠે છે. આવા ગાંધીનગરના આ પચાસમાં વર્ષની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે મને શા માટે ધન્યતા ન અનુભવાય. હું આનંદથી વિબોર શા માટે ન થાઉં?

બાંધકામ સમય, ૧૯૬૭ના વર્ષના સમયગાળામાં સાબરમતી પુરૂ થયા બાદ અમદાવાદનું શહેરનું છેલ્લું મકાન હતું ત્યાંથી મોટેરા ગ્રામ થઇ બળદગાડાના (કાર્ટ ટ્રેક) રેતાળ ચીલા પડેલા નેળીયામાં પહેલા -બીજા ગીયરમાં જીપો ચલાવીને કોબા-ઈન્દ્રોડા - ધોળાકુવા - બોરીજ થઇને પેથાપુર કોલોનીમાં નેળીયામાં ઉડતી રેતીથી રેજબેજ થઇને પેથાપુર કોલોનીમાં પહોંચતા અને ત્યાંથી શહેરનાં બાંધકામોની સાઇટ વિઝીટ કરતા.

ક્રમશઃ વિસતથી ચ-૦, ઘ-૦ થી શરૂ થતા સીંગલ ટ્રેક ઘ-રોડ અને ચ-રોડ ઉપર થઇને જવાનું શરૂ થયું ત્યારે આનંદનો કોઇ પાપ નહોતો.

અને આજે જયાં ૪ લેન અને ૬ લેના ડિવાઇડેડ લેનનાં વિશાળ રાજમાર્ગો લીલાછમ્મ ટ્રાફીક આઇલેન્ડ, સોડિયમ લાઇટોથી આખું શહેર ઝગારા મારે છે. ઉજ્જડ અને વેરાન ધરતી અને ખેતરો પછીનું બંધાઇ રહેલું ગામડાથી પણ નાનું દેખાતું તેવું શહેર આજે મહાનગરમાં ફેરવાઇ ગયું હોય જેના એક એક વર્ષની વર્ષગાંઠના દિવસે ગાંધીનગરને વધતું જોયું હોય તો હું શા માટે હર્ષથી ગદગદીત ન થાઉં.

અર્ધ શતાબ્દિની આયુએ પહોંચેલા મારા આ ગાંધીનગરને શુભાશિર્વાદ સાથે શુભકામનાઓ. કારણ કે હું પોણી શતાબ્દીએ પહોંચ્યો છું.